દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને હરાવી ટેસ્ટ સિરીઝ કબજે કરી

288 રનના લક્ષ્યાંક સામે ઓસ્ટ્રેલિયાની ટીમ 111 રનમાં સમેટાઇ

સિમોન હાર્મરે 16 રનમાં 6 વિકેટ ઝડપી, ટેસ્ટ કારકિર્દીમાં પ્રથમ વખત 10 વિકેટ હોલ હાંસલ કર્યું



કેપ ટાઉન, તા. 31 (એપી): સિમોન હાર્મરની કરિયરની સર્વશ્રેષ્ઠ બોલિંગ (16 રનમાં 6 વિકેટ)ની મદદથી દક્ષિણ આફ્રિકાએ રોમાંચક ત્રીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાને 176 રને હરાવીને ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ 2-1થી જીતી લીધી છે.

આ વિજય સાથે જ દક્ષિણ આફ્રિકાએ ICC ટેસ્ટ ટીમ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાને પાછળ છોડીને પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું છે.

મેચના પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયા સામે જીતવા માટે 288 રનનો લક્ષ્યાંક હતો, પરંતુ દક્ષિણ આફ્રિકાની ઘાતક બોલિંગ સામે ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર 111 રનમાં ધરાશાયી થઈ ગઈ હતી. લંચ સુધીમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર 60 રનમાં 7 વિકેટ ગુમાવી દીધી હતી.

પ્રથમ ટેસ્ટમાં હાર્યા બાદ દક્ષિણ આફ્રિકાએ શાનદાર વાપસી કરી હતી. 2018ના 'સેન્ડપેપેટ' વિવાદ બાદ દક્ષિણ આફ્રિકામાં બંને ટીમો વચ્ચે આ પ્રથમ ટેસ્ટ સિરીઝ રમાઈ હતી, જેમાં પોર્ટીઝ ટીમે શાનદાર વિજય મેળવ્યો છે.

કાગીસો રબાડાનો સૌથી ઝડપથી 350 વિકેટ પૂરી કરવાનો રેકોર્ડ

» ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચની બીજી ઇનિંગમાં કાગીસો રબાડાએ 3 વિકેટ લઈને ટેસ્ટ ક્રિકેટમાં પોતાના 350 વિકેટ પૂરા કર્યા છે. આ સાથે રબાડાએ સૌથી ઓછા બોલમાં આ સીમાચિહ્ન સર કરવાના મોટા રેકોર્ડ પોતાના નામે કર્યો છે સાથે જ તેણે ફાસ્ટ બોલર તરીકે સૌથી ઓછી ટેસ્ટ મેચમાં 350 વિકેટ લેવાના મામલે મેલ્કમ માર્શલ સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને પહોંચ્યો છે.

સૌથી ઓછા બોલમાં 350 ટેસ્ટ વિકેટ

ખેલાડી	બોલ
કાગીસો રબાડા	13808
ડેલ સ્ટેન	14719
વકાર યુનિસ	14905
મેલ્કમ માર્શલ	16285
મિચેલ સ્ટાર્ક	16908

સૌથી ઓછી ટેસ્ટ મેચમાં 350 વિકેટ (ફાસ્ટ બોલર)

ખેલાડી	મેચ
રિચર્ડ હેડલી / ડેલ સ્ટેન	69
ડેનિસ લીલી	70
ગ્લેન મેક્ગ્રા	74
મેલ્કમ માર્શલ / રબાડા	75
વકાર યુનસ	78

ઓસ્ટ્રેલિયાને પાછળ કરી દ. આફ્રિકા WTC પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને

દેશ	મેચ	પોઈન્ટ	પર્સેન્ટેજ
ન્યૂઝીલેન્ડ	6	52	72.22
સા. આફ્રિકા	7	60	71.43
ઓસ્ટ્રેલિયા	13	108	69.23
ભારત	11	68	51.52
બાંગ્લાદેશ	7	40	47.62
ઈંગ્લેન્ડ	16	74	38.54
શ્રીલંકા	6	24	33.33
વેસ્ટ ઈન્ડિઝ	13	42	26.92
પાકિસ્તાન	9	5	4.63

આજે અંતિમ T20 મેચ: જીત સાથે અંત કરવા મેદાને ઉતરશે ભારત

અગાઉની મેચમાં ન્યૂઝીલેન્ડ સામે કારમા પરાજય બાદ શું આજે વૈભવ અને કુલદીપને અંતિમ 11મા સામેલ કરાશે?

સિરીઝમાં 3-1થી અજેય સરસાઈ છતાં પ્લેઈંગ 11માં ફેરફારની શક્યતા





હેમિલ્ટન, તા. 31 (પીટીઆઈ): ઓકલેન્ડ ખાતે મળેલી શરમનાક હાર બાદ રવિવારે ન્યૂઝીલેન્ડ સામે રમાનારી પાંચમી અને અંતિમ T20માં ભારતીય ટીમ મેનેજમેન્ટ પોતાની પ્લેઈંગ 11માં કેટલાક વ્યૂહાત્મક ફેરફારો કરવા પર વિચાર કરી શકે છે.

ભારતે 5 મેચોની સિરીઝમાં 3-1થી અજેય સરસાઈ મેળવી લીધી છે, પરંતુ વિશ્વ ચેમ્પિયન ટીમ શ્રેણીનો અંત હાર સાથે કરવા માગશે નહીં.

આ સ્થિતિમાં ભારતીય ટીમ વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ 11માં તક આપવા અંગે વિચારણા કરી શકે છે. સંજુ સેમસન આ શ્રેણીમાં સતત નિષ્ફળ રહ્યો છે અને તેણે 67, 14, 18 અને 4 રન જ બનાવ્યા છે. બીજી તરફ શ્રેયસ અય્યરનું પ્રદર્શન પણ નિરાશાજનક રહ્યું છે, તેની છેલ્લી 8 ઈનિંગ્સમાં મોટો સ્કોર નોંધાયો નથી.

બોલિંગ વિભાગમાં પણ મુશ્કેલીઓ સ્પષ્ટ દેખાઈ રહી છે.

અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમાર 3 મેચમાં 11.58ની ઈકોનોમીથી 139 રન આપીને માત્ર 1 વિકેટ જ ઝડપી શક્યો છે. અર્શદીપ સિંહ સિવાય તમામ બોલરોનો ઈકોનોમી રેટ 10થી વધુ રહ્યો છે.

નીતીશ રેડ્ડી અને નમન ધીરે પોતાની આક્રમક બેટિંગથી નીચલા ક્રમમાં મહત્વપૂર્ણ મજબૂતી આપી છે પણ તેઓ બોલિંગમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નથી. નમન ધીરના સ્થાને કુલદીપ યાદવ કે વરુણ ચક્રવર્તીને સ્થાન આપીને સ્પિન વિભાગ મજબૂત કરવાનો વિકલ્પ પણ ટીમ પાસે ઉપલબ્ધ છે.

બીજી તરફ, ન્યૂઝીલેન્ડની ટીમ અંતિમ T20 જીતીને આત્મવિશ્વાસ સાથે આગામી 5 મેચોની વનડે સિરીઝમાં પ્રવેશવા ઈચ્છશે.

હકીકતમાં, આ વનડે સિરીઝનું મહત્વ ઘણું વધારે છે કારણ કે બંને ટીમો આગામી વર્ષના વનડે વર્લ્ડકપ અગાઉ પોતાની સંભવિત પ્લેઈંગ કોમ્બિનેશન વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો પ્રયાસ કરશે.

ભારત સામેની જીત પર અભિનંદન આપવા બદલ પાકિસ્તાની પીએમ ટ્રોલ થયા

તા. 31: હાલમાં રમાયેલી હોંગકોંગ સિક્સિસ 2026 ટુર્નામેન્ટની મેચમાં પાકિસ્તાને ભારતને 4 વિકેટે હરાવ્યું હતું. આ જીત બાદ પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક શુભેચ્છા સંદેશ શેર કર્યો હતો. સામાન્ય અથવા ગલી ક્રિકેટ જેવી ફોર્મેટ ધરાવતી આ બિન-સત્તાવાર ટુર્નામેન્ટની જીત પર શહબાઝની આવી અતિશય ઉત્સાહી પોસ્ટ જોઈને સોશિયલ મીડિયા યુઝર્સે તેમને ભારે ટ્રોલ કર્યા હતા. શહબાઝ શરીફે પોતાની પોસ્ટમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન મોહસિન નકવી અને ટીમને અભિનંદન આપ્યા હતા. જેના જવાબમાં એક યુઝરે લખ્યું, 'આ તો ઓર્ગેનાઇઝડ ગલી ક્રિકેટ છે, આટલી મોટી જીત બદલ દેશમાં એક અઠવાડિયાની જાહેર રજા જાહેર કરી દો!' જ્યારે અન્ય યુઝર્સે કટાક્ષ કરતા કહ્યું કે, 'વર્લ્ડ કપ કે એશિયા કપ કરતાં પણ આ મોટી સિદ્ધિ છે, પાકિસ્તાની પીએમ પાસે બીજું કોઈ કામ નથી જેથી આવી સામાન્ય સીરિઝ પર ટ્વીટ કરે છે.'



લૈલા ફર્નાન્ડીઝ ટોક્યો ઓપનની ફાઈનલમાં

ટોક્યો, તા. 31 (એપી): કેનેડાની લૈલા ફર્નાન્ડીઝે શનિવારે રમાયેલી પાન પેસિફિક ઓપન ટેનિસ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં રશિયાની કમિલા રાખિમોવાને સીધા સેટોમાં 7-5, 6-3થી પરાજય આપીને ચાલુ વર્ષની પોતાની ત્રીજી WTA ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ તેની પાસે આ સત્રનું બીજું ટાઇટલ જીતવાની સુવર્ણ તક છે. રવિવારે રમાનારી ફાઈનલમાં ફર્નાન્ડીઝનો સામનો ત્રીજી ક્રમાંકિત ડાયના શ્નાઈડર સામે થશે. શ્નાઈડરે શનિવારે રમાયેલી બીજી સેમિફાઈનલમાં યુવા ખેલાડી મિયા પોહાનકોવાને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી.

પાકિસ્તાને શ્રીલંકાને હરાવી ત્રિકોણીય સિરીઝ જીતી

ફખર ઝમાનની તોફાની સદી, પાકિસ્તાને 326 રનના લક્ષ્યાંકને 7 વિકેટ ગુમાવી મેળવ્યો

લાહોર, તા. 31 (એપી): ઓપનર ફખર ઝમાનની ઘૂંટણની ઇજા છતાં રમાયેલી 127 રનની શાનદાર સદીની મદદથી પાકિસ્તાને શનિવારે ગદ્દાફી સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રિપક્ષીય વનડે શ્રેણીની ફાઇનલમાં શ્રીલંકાને 3 વિકેટે પરાજય આપીને ચેમ્પિયનશિપનું ટાઇટલ જીતી લીધું છે.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 8 વિકેટે 325 રન બનાવ્યા હતા.

જવાબમાં પાકિસ્તાને 48.3 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 331 રન બનાવી લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ઝમાને (127 રન, 99 બોલ) યુવા સાદ બેગ (74 રન) સાથે 149 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી હતી.

અંતમાં અરાફાત મિન્હાસે 31 બોલમાં 61 રનની આક્રમક ઈનિંગ્સ રમી ટીમને વિજય અપાવ્યો હતો. આ શ્રેણીમાંથી ઈંગ્લેન્ડની ટીમ અગાઉ જ બહાર થઈ ગઈ હતી.

શ્રીલંકાના બેટર કમિન્દુ મેન્ડિસે 131 રન બનાવી પોતાના વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી હતી.


પાકિસ્તાને પોતાના ઘરઆંગણે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે વનડે ક્રિકેટનો સફળતાપૂર્વક લક્ષ્યાંક પાર પાડીને શ્રેષ્ઠ રન-ચેઝ નોંધાવ્યો હતો.

બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝનો વિજય

170 રનના લક્ષ્યાંકને વેસ્ટ ઈન્ડિઝે 2 વિકેટ ગુમાવી મેળવ્યો, બ્રાન્ડન કિંગના આક્રમક 81 રન

રોસ્ટન ચેઝે ટેસ્ટ કરિયરમાં 5મી વખત 5 વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી

જોમેલ વારિકને પ્રથમ ઈનિંગ્સમાં 5 અને બીજી ઈનિંગ્સમાં 4 વિકેટ સાથે મેચમાં કુલ 9 વિકેટ ઝડપી



ઢાકા, તા. 31 (એપી): ઓપનર બ્રાન્ડન કિંગની અણનમ 81 રનની જવાબદારીપૂર્વકની ઈનિંગ્સની મદદથી વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે બાંગ્લાદેશને 8 વિકેટે પરાજય આપીને બે મેચોની શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. બાંગ્લાદેશ તરફથી મળેલા 170 રનના લક્ષ્યાંકને વેસ્ટ ઈન્ડિઝે ટેસ્ટના ચોથા દિવસે સહેલાઈથી પ્રાપ્ત કરી લીધો હતો.

બીજી ઈનિંગ્સમાં 6 વિકેટે 79 રનથી આગળ રમતાં બાંગ્લાદેશની ટીમ 142 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝના સ્પિનરો સામે બાંગ્લાદેશના બેટ્સમેનોએ સંપૂર્ણપણે આત્મસમર્પણ કરી દીધું હતું. કેપ્ટન રોસ્ટન ચેઝે 36 રનમાં 5 વિકેટ ઝડપી હતી, જ્યારે ડાબોડી સ્પિનર જોમેલ વારિકને 63 રનમાં 4 વિકેટ મેળવી હતી. બાંગ્લાદેશ તરફથી નઈમ હસને એકલા હાથે લડત આપતાં કરિયરની પ્રથમ અડધી સદી (52 રન) નોંધાવી ટીમને 169 રનની સરસાઈ અપાવી હતી.

જીતવા માટેના 170 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં વેસ્ટ ઈન્ડિઝના ઓપનરો જોન કેમ્પબેલ (49 રન) અને બ્રાન્ડન કિંગે પ્રથમ વિકેટ માટે 112 રનની મજબૂત ભાગીદારી નોંધાવી વિજયનો પાયો નાખ્યો હતો. કિંગે 115 બોલમાં 10 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી અણનમ 81 રન બનાવ્યા હતા, જ્યારે કાવેમ હોજે અણનમ 31 રનનું ઉપયોગી યોગદાન આપ્યું હતું. શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ આવતા અઠવાડિયે સિલહત ખાતે રમાશે.

ન્યૂઝીલેન્ડ A સામે ઈન્ડિયા Aના પ્રથમ દિવસે 7 વિકેટે 291 રન

ધ્રુવ જુરેલના અણનમ 99 અને પડિક્કલના 80 રને ઈન્ડિયા-Aને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું



ક્રાઈસ્ટચર્ચ, તા. 31 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ A સામેની ચાર દિવસીય મેચના પ્રથમ દિવસે કેપ્ટન ધ્રુવ જુરેલના ધૈર્યપૂર્વકના અણનમ 99 રન અને દેવદત્ત પડિક્કલની આક્રમક 80 રનની ઈનિંગ્સની મદદથી ઈન્ડિયા Aએ 7 વિકેટે 291 રનનો મજબૂત સ્કોર બનાવી લીધો છે.

દિવસના અંતે જુરેલ (99 રન, 155 બોલ) અને આકાશ દીપ (25 રન) રમતમાં હતા. બંને વચ્ચે આઠમી વિકેટ માટે 69 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાઈ ચૂકી છે.

મેચની પ્રથમ જ ઓવરમાં ઓપનર યશસ્વી જયસવાલ ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ પડિક્કલ અને સાઈ સુદર્શન (41 રન) વચ્ચે બીજી વિકેટ માટે રચાયેલી ભાગીદારીએ ઈનિંગ્સ સંભાળી હતી. પડિક્કલે 101 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. જોકે, મધ્યક્રમમાં સુદર્શન, યશ રાઠોડ (13 રન), રવિચંદ્રન સ્મરણ (0) અને વોશિંગ્ટન સુંદરના સસ્તામાં આઉટ થવાથી ભારતે માત્ર 7 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી.

એક સમયે 131 રને 2 વિકેટથી ટીમ 143 રનમાં 6 વિકેટના મુશ્કેલ તબક્કે પહોંચી ગઈ હતી. આ સ્થિતિમાં કેપ્ટન જુરેલે માનવ સુથાર (22 રન) સાથે સાતમી વિકેટ માટે 62 રનની ભાગીદારી કરી હતી અને ત્યારબાદ આકાશ દીપ સાથે મળીને દિવસના અંત સુધી વધુ કોઈ નુકસાન થવા દીધું ન હતું. ન્યૂઝીલેન્ડ A તરફથી ફ્રેઝર શીટે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી.

પ્રીમીયર લીગ: ચેલ્સી સામે માન્ચેસ્ટર યુનાઈટેડની 2-0થી શરમજનક હાર

માર્ટિનેઝને રેડ કાર્ડ, કેપ્ટન બ્રુનો ફર્નાન્ડીઝની વાપસી છતાં વિવાદ યથાવત



લંડન, તા. 31 (એપી): ઇંગ્લિશ પ્રીમિયર લીગમાં શનિવારે રમાયેલા હાઇ-વોલ્ટેજ મુકાબલામાં ચેલ્સીએ માન્ચેસ્ટર યુનાઇટેડને 2-0થી પરાજય આપ્યો હતો. આ મેચમાં માન્ચેસ્ટર યુનાઇટેડના મેનેજર માઇકલ કેરિક અને સ્ટાર ખેલાડીઓ વચ્ચેનો આંતરિક વિવાદ અને મેદાન પરનો ડ્રામા કેન્દ્રસ્થાને રહ્યો હતો.

છેલ્લા કેટલાક સમયથી મેનેજર કેરિકની રણનીતિની ટીકા કરવા બદલ ટીમમાંથી બહાર રખાયેલા કેપ્ટન બ્રુનો ફર્નાન્ડીઝે પ્લેઇંગ 11માં પુનઃ વાપસી કરી હતી. કેરિકે ફર્નાન્ડીઝ ટીમ પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધ હોવાનું સ્પષ્ટ કર્યું હતું, પરંતુ તેની વાપસી છતાં યુનાઇટેડનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું.

મેચના દ્વિતીયાર્ધમાં 50મી મિનિટે ચેલ્સીના મોર્ગન રોજર્સે ગોલ કરીને ટીમને 1-0ની સરસાઈ અપાવી હતી, જેમાં માર્ટિનેઝની ડિફેન્સિવ ભૂલ જવાબદાર રહી હતી. ત્યારબાદ 63મી મિનિટે મેદાન પર ભારે વિવાદ સર્જાયો હતો.

માન્ચેસ્ટર યુનાઇટેડના આર્જેન્ટિનાના ડિફેન્ડર લિસાન્ડ્રો માર્ટિનેઝે 4 મિનિટના ગાળામાં બીજો યલો કાર્ડ મેળવીને રેડ કાર્ડ વહોરી લીધું હતું.

ક્વાર્નર કિક દરમિયાન ચેલ્સીના વેસ્લી ફોફાનાના ચહેરા પર કોણી મારવા બદલ VAR રિવ્યુ બાદ માર્ટિનેઝને મેદાન બહાર મોકલી દેવાયો હતો. ચેલ્સીના કોલ પામરે પેનલ્ટીને ગોલમાં ફેરવી ટીમને 2-0થી આસાન જીત અપાવી હતી.

હાયલો ઓપન: પીવી સિંધુ અને લક્ષ્ય સેન ફાઈનલમાં



સારબ્રુકેન (જર્મની), તા. 31 (પીટીઆઈ): બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા ભારતીય બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ શનિવારે અહીં રમાયેલી હાયલો ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સ સેમિફાઈનલમાં દેશની જ અનમોલ ખર્બને સીધા સેટોમાં પરાજય આપીને સતત બીજા અઠવાડિયે કોઈ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

બીજી બાજુ ભારતીય શટલર લક્ષ્ય સેન પણ સેમિફાઈનલમાં ટોમા જુનિયર પોપોવને હરાવીને મેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેણે ટોમા જુનિયરને 21-17, 21-13થી હરાવ્યો હતો.

ગયા અઠવાડિયે ફ્રેન્ચ ઓપનમાં સિંધુ રનર-અપ રહી હતી.

કોમનવેલ્થ મહિલા કબડ્ડી: ભારતે ટાઈટલ કબજે કર્યું

અમદાવાદ, તા. 31 (પીટીઆઈ): ભારતીય મહિલા કબડ્ડી ટીમે શનિવારે અહીં રમાયેલી ઉદ્ઘાટન કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપની ફાઈનલ મેચમાં યુગાન્ડા સામે 35-15થી પ્રભાવશાળી વિજય મેળવીને ચેમ્પિયનશિપનું ટાઇટલ પોતાના નામે કર્યું છે. આ સાથે ભારતે સમગ્ર ટૂર્નામેન્ટમાં પોતાની અજેય સફર જાળવી રાખી હતી.

મેચમાં ભારત તરફથી સાક્ષીએ શાનદાર પ્રદર્શન કરતા 10 રેડમાં 2 બોનસ સહિત કુલ 9 રેડ પોઈન્ટ મેળવ્યા હતા. અનુએ 6 અને સુકાની નિધિ શર્માએ 5 પોઈન્ટનું યોગદાન આપ્યું હતું.

ડિફેન્સમાં ઋતુ અને સુમને શાનદાર રમત દાખવતા 4-4 ટેકલ પોઈન્ટ મેળવ્યા હતા. ભારતે મેચમાં કુલ 20 રેડ પોઈન્ટ, 10 ટેકલ પોઈન્ટ મેળવવાની સાથે બે ઓલ-આઉટ પણ આપ્યા હતા.

યુગાન્ડા તરફથી નકાયોંગો શિરાતે એકલા હાથે સંઘર્ષ કરતા 11 પોઈન્ટ મેળવ્યા હતા, પરંતુ ટીમની નબળી ડિફેન્સના કારણે યુગાન્ડાને હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ હાફમાં જ ભારતે 22-7ની મજબૂત સરસાઈ મેળવી લીધી હતી. ટૂર્નામેન્ટમાં કુલ 52 પોઈન્ટ બનાવનાર સ્ટાર ખેલાડી સાક્ષીએ વિજય બાદ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવા આંતરરાષ્ટ્રીય આયોજનોથી યુવા ખેલાડીઓને ઘણો ફાયદો થશે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909
સચીન વિભાગીય કચેરી,
સચીન જીઆઈડીસી રોડ નંબર-3, પ્લોટ નંબર-325
પાલીવાલા ચોક નજીક સચીન-૩૯૪૩૨૦, સુરત.

ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નંબર ૧૯૧૨૩ અથવા 1800 233 3003

વીજ પુરવઠો બંધ રેહવાની જાહેરાત

આથી માનવતા ગ્રાહકો ને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે અને સમયે જે તે ફીડરઉપર વીજ પ્રવાહ બંધ રહેશે

ક્રમ નંબર	સબ-સ્ટેસન નામ	ફીડર નું નામ	સબ ડીવીજન	ફરિયાદ નંબર	તારીખ	સમય
૧	દ્દકેવી સચીન-બી	૧૧ કેવી પાલી	કનસાદ-આર	૧૯૧૨૩	૦૨.૧૧.૨૦૨૬	૯.૩૦ થી ૧૬.૩૦
૨	દ્દકેવી ડેલાડવા	૧૧ કેવી કરાડવા	ખરવાસા		૦૩.૧૧.૨૦૨૬	૯.૩૦ થી ૧૬.૩૦
૩	દ્દકેવી ડેલાડવા	૧૧ કેવી ખોડિયાર	ખરવાસા		૦૪.૧૧.૨૦૨૬	૯.૩૦ થી ૧૬.૩૦

કામ પૂર્ણ થયેથી આપેલ સમય પહેલા કોઈપણ પ્રકાર ની સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે. જેની નોંધ લેવી. એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

DGVCL

કાર્યપાલક ઈજનેર સં.અને.નિ., ઓલપાડ વિભાગીય કચેરી, સુરત
ઉત્રાણ પાવર હાઉસ નજીક, સિલ્વર ટ્રેડ સેન્ટર ની સામે, સમતાનગર, ઉત્રાણ, સુરત, ૩૯૪૧૦૫
CIN: U40102GJ2003SGC042909
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રીકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

અ. નં.	સબસ્ટેશનનું નામ	ફીડરનું નામ	સબ ડિવિઝન	વિસ્તાર	ફોલ્ટ સેક્ટર નંબર	તારીખ	સમય
૧.	મન્દ્રોઈ	કોબા, ઓમ સાઈ	ઓલપાડ	ઝીંગા તળાવ કોબા, ઠોઠબ ગામ	૧૯૧૨૩	૦૨.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૨.	મોટાવરાછા	વેદાંત	મોટાવરાછા	મીત ફાર્મ થી રિંગરોડ, પેરામાઉન્ટ સ્કૂલ, વૈભવ લક્ષ્મી	૧૯૧૨૩	૦૨.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૩.	ઉત્રાણ	યમુના	મોટાવારાણા	એપલ હાઇટથી યમુનાચોક, સુદામા ચોક	૧૯૧૨૩	૦૩.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૪.	કોસાડ	સાઈ	ઉત્રાણ	અમરોલી ચાર રસ્તા થી મનીષા ગરનાળા અને જૂનું અમરોલી ગામ	૧૯૧૨૩	૦૩.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૫.	કરમલા	કરમલા, જલાભૂમિ	ઓલપાડ	કરમલા ગામ, સ્વાગત રેસી., જલાભૂમિ ઈન્ડ., સુંદર વિલા,ગૃહમ,મધુરમ, સત્યમ	૧૯૧૨૩	૦૩.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૬.	ઓલપાડ	કૌશલ	રાંદેર રૂરલ	માસમા, ઓરમા રોડ	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૭.	સરોલી	કુકણી	રાંદેર રૂરલ	ઓરમા ગામ	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૮.	સરોલી	સેલૂત	રાંદેર રૂરલ	કાશલા ખુર્દ, કાછલા બુજરંગ વેલુક	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૯.	કોસાડ	વેલકમ	કોસાડ	ડી-માર્ટ રોડ, ભક્તિ હાઇટ, કિરણ પલે, સાઈ લક્ષુરિયા	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૯.૦૦ થી ૧૧.૦૦
૧૦.	કોસાડ	કોસાડ ટાઉન	કોસાડ	કોસાડ ગામ	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૧૪.૦૦ થી ૧૬.૦૦
૧૧.	ઓલપાડ	ટકારમા	ઓલપાડ	કનૈયા સો-રૂમ, આંધી ગામ, ગોલા, રાજનગર, ટકારમા, સોંદામીઠા, એરથાન,	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૧૨.	ઓલપાડ	શિવાલિક	ઓલપાડ	જલભૂમિ ૫ ને ૬ ઇન્ડ.	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦
૧૩.	મોટાવરાછા	લક્ષ્મી	મોટાવરાછા	ગોપીન ગામ થી રીંગ રોડ	૧૯૧૨૩	૦૪.૧૧.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૫.૦૦

કાર્યપાલક ઈજનેર (સ. અને નિ.), ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

આજનું પંચાંગ

તા. 01/11/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિઃ વદઃ સાતમઃ 14:52- કાલાષ્ટમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-10 **યોગ :**સાધ્ય
કરણઃ બાવલ **નક્ષત્ર :** પુષ્યઃ 28:31- રવિપુષ્યામૃત યોગઃ 28:31 સુધી
રાશીઃ કર્ક (ડ,હ)
દિવસ : શુભ- કરાષ્ટમી, હરિયાણા-પંજાબ દીન
સુરતમાં સૂર્યોદય : 06:43 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:02
નવકારસી : 07:31
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 19 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ,
રાત્રિનાં ચોઘડિયાંઃ શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ,
રાહુ કાળ : સાંજેઃ 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વેપાર-ધંધામાં નવા સોદા થાય. બહારના કામમાં મદદ મળે. જમીન, ખેતીવાડી વગેરેને લગતાં કામ થાય.

વૃષભ (બ,વ,ઉ,): નવી ટેક્નોલોજીનો લાભ મળે. લેખન, કલા, નૃત્ય, સંગીત, શિક્ષણ અને પ્રવાસને લગતાં કામ થાય. દલાલીની આવક.

મિથુન (ક,છ,ઘ,): પરિવારમાં ધાર્મિક વાતાવરણ રહે. નોકરી-ધંધાની નવી યોજના બને. વડીલો સાથે ઘર્ષણ થાય.

કર્ક (ડ,હ,): સમાજમાં માન વધે. પારિવારિક સંબંધો, મજબૂત બને. નવા ક્રિએટીવ વિચારો આવે. દાંપત્યમાં તાલમેળ.

સિંહ (મ,ટ,): ખર્ચા વધશે. આરોગ્ય બગડી શકે છે. વિદેશના કામમાં મદદ મળે. કોઈની વાતોમાં આવવું નહી.

કન્યા (પ,ઠ,ણ,): મિત્રોનો સાથ સામાજિક બાબતોમાં મળે. સંતાનોના ભવિષ્યની યોજના બને. પ્રેમમાં વિશ્વાસ વધશે.

તુલા (ર,ત,): આવક વધારવાની યોજના પાર પડે. સમાજ અને જાહેર જીવનમાં માન વધે. નવા વેપારની યોજના બને.

વૃશ્ચિક (ન,ય,): આર્થિક બાબતે પ્રગતિ અને બચતની યોજના બને. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઊપરી વર્ગનો સાથ મળે. ઉઘરાણી આવે. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

મકર (ખ,જ,): ઘર-પરિવારમાં તમારા વિચારોને મહત્ત્વ મળે. રોજના કામમાં આવક વધે. ઉમરલાયકને યોગ્ય પાત્ર.

કુંભ (ગ,સ,શ,ષ,): નવી જવાબદારી વધે. માતાના આરોગ્યના ખર્ચા વધે. નવી નોકરીની ઓફર આવે. મન અશાંત રહે.

મીન (દ,ચ,ઝ,થ,): પ્રેમમાં વિશ્વાસ વધે. અભ્યાસમાં મન લાગે. મિત્રોનો સાથ નવી આર્થિક યોજનામાં મળે.

કોઈ પણ સાલમાં 01 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં આધુનિક ટેક્નોલોજીનો સાથ મળે તથા નવું શીખવા મળે. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. આરોગ્ય સામાન્ય રહે. નવાં વેપાર-ધંધા-સમાજ અને નોકરી-વગેરેમાં હરીફો વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સમાજમાં પ્રભાવ વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મદદ મળે. સ્ત્રી વર્ગ માટે સામાન્ય વર્ષ રહે. જોકે નોકરિયાતની ચિંતા વધશે. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઈ-ઓગસ્ટમાં રવિ-સોમવારે 01, 10, 28 તારીખે નવા કામ કરવા. સોનેરી- ભૂરા રંગનો ઉપયોગ કરવો, નવેમ્બર-ડિસેમ્બર, શનિ-શુક્રવારે, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં શ્યામરંગનો ઉપાયોગ ટાળવો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

મીઠી પેશાબ- મામેજવો

મામેજવો ખુલ્લી જગ્યાઓમા ઊગી નીકળે છે. સામાન્ય રીતે નાના જૂથમાં ઊગે છે. તાજા મામેજવોનાં છોડ 50 ગ્રામ લાવી ધોઈ એક કપ પાણીમાં છૂંદીને રસ કાઢી તાજો પીવાથી અને પરેજી પાળવાથી રોગ કાબૂમા રહે છે.